બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ

પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી૧૨)    રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪    કુલ ગુણ : ૧૦૦

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

(વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)

**અભ્યાસક્રમના વચનામૃત : લોયા ૫, ૬, ૧૨, ૧૭ વરતાલ : ૩, ૫, ૧૧ ગ. અં. : ૨, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૨૧, ૨૬, ૩૮, ૩૯**

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ: અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. જેને કલ્યાણ ઇચ્છવું તેના માટે શું સુખદાયી છે ? (અં.૭/૫૫૭)

જ. જેને કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ જ સુખદાયી છે.

૨. ગ.અં.૨ પ્રમાણે કોને મંદબુદ્ધિવાળો જાણવો ? (અં.૨/૫૪૬)

જ. એવા સત્પુરુષનો સંગ પ્રાપ્ત થયો છે તો પણ જેને જેમ છે તેમ સમજાતું નથી તેને મંદબુદ્ધિવાળો જાણવો.

૩. ગ.અં.૮ પ્રમાણે કયા બે સાધને કરીને ઇન્દ્રિયોને વશ કરવી ? (અં.૮/૫૫૮)

જ. એક તો દૃઢ વૈરાગ્ય અને બીજો અતિશય દૃઢ સ્વધર્મે કરીને ઇન્દ્રિયોને વશ કરવી.

૪. કોનો પાયો સત્સંગમાં અચળ છે ? (લો.૧૭/૩૧૧)

જ. જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

૧. નિષ્કપટ ક્યારે થયો કહેવાય ? (લો.૫/૨૬૦)

જ. 'પંચ વર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને તે પોતાથી વિચારે કરીને ટળતી ન હોય, તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત તેને આગળ કહેવું; અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવો; તથા ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો; ત્યારે તે નિષ્કપટ કહેવાય.

૨. કયા ઉપાયે કરીને કનિષ્ઠમાંથી ઉત્તમ નિશ્ચય થાય છે ? (લો.૧૨/૨૯૨)

જ. 'જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે તથા રૂડાં દેશાદિક પ્રાપ્ત થાય તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ટ નિશ્ચય થાય, નહીં તો જન્માન્તરે કરીને ઉત્કૃષ્ટ નિશ્ચયને પામે.

૩. વર.-૩ પ્રમાણે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ ક્યારે આવે છે ? (વર.૩/૫૦૧)

જ. જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટાપુરુષ છે, તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે.

૪. પંડિત હોય તેને પણ ભગવાનના આશરાની જરૂર પડે છે. કારણ આપી સમજાવો. (વર.૧૧/૫૧૬)

જ. 'શાસ્ત્ર, પુરાણ વાંચે છે તો ખરા; પણ એને ભગવાનનો આશરો નથી. માટે કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, મત્સર તેણે એના જીવને હરવી નાંખ્યો છે અને કામાદિક જે શત્રુ તે એને કોઈ કાળે માથું ઉપાડવા દેતા નથી. પછી તે પંડિત પોતાની પેઠે જ ભગવાન ને ભગવાનના સંતને સમજે જે, 'જેમ અમારા કામાદિક શત્રુ કોઈ કાળે નિવૃત્તિ પામતા નથી તેમ એના પણ કામાદિક શત્રુ નિવૃત્તિ નહીં પામતા હોય.' એમ ભગવાન ને ભગવાનના સંતને વિષે દોષ સમજે. માટે શાસ્ત્ર, પુરાણ વાંચે પણ એને ભગવાન કે ભગવાનના સંતનું જેમ છે તેમ યથાર્થ માહાત્મ્ય સમજાતું નથી.''

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૩)**

| |
|---|
| **નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.** |

૧. **અર્જુને અશ્વત્થામાનું માથું ન કાપ્યું (લો.૬/૨૬૬) દૃષ્ટાંત :** 'અમે કોઈક વચન કહીએ ને તેમાં જો અધર્મ જેવું હોય તો તેને વિષે ચિરકારી થવું, કહેતાં તેમાં ઘણીક વાર લગાડવી પણ તુરત માનવું નહીં. જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું જે, 'અશ્વત્થામાનું માથું કાપી નાંખો.' પછી તે વચન અર્જુને ન માન્યું, તેમ એવી રીતનું જે વચન તેમાં અમે રાજી થતા હોઈએ તો પણ ન માનવું. તથા પંચ વર્તમાન સંબંધી જે નિયમ કહ્યા છે, તેમાંથી જેણે કરીને ભંગ થતો હોય એવું જે વચન તે ન માનવું. અને એ બે વચન ન માનીએ ને ભગવાન કચવાતા હોય તો સારી પેઠે કચવાવવા, પણ તેમાં રાજી ન કરવા. **સિદ્ધાંત :** અશ્વત્થામા બ્રાહ્મણ અને ગુરુ પુત્ર હતો. એટલે તેને મારવાથી બે હત્યાનું પાપ લાગે. જે અધર્મ હતો. માટે અર્જુને અશ્વત્થામાનું માથું ન કાપ્યું. તેમ ભગવાન કે સંત કોઈક વચન અધર્મ જેવું કહે તો તેનો અમલ કરવા માટે ચિરકારી થવું પણ ઉતાવળ ન કરવી. જેમ દાદાખાચરે બાઈનું માથું કાપવાની મહારાજની આજ્ઞા ન પાળીને પણ મહારાજને રાજી કર્યા તેમ આપણે પણ કરવું.

૨. **જાણપણારૂપ દરવાજો (અં.૯/૫૬૦-૫૬૧) દૃષ્ટાંત : (૧)** જેમ રાજાના ચાકર છે, તે રાજાના ઘરને દરવાજે ઊભા રહ્યા થકા કોઈ ચોર-ચકારને રાજા પાસે જવા દેતા નથી અને તે રાજાના ચાકરને એમ હિંમત રહે છે જે, 'કોઈ રાજા પાસે વિઘ્ન કરવા જાય તો તેના કટકા કરી નાંખીએ પણ કોઈ રીતે રાજા સુધી પૂગવા દઈએ નહીં. એવી રીતે હિંમત સહિત ઢાલ, તરવાર બાંધીને ઊભા રહે છે. તેમ આ સર્વે સંત છે તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં ઊભા રહે છે. (૨) પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરનાં ચરણારવિંદને પામવાને ઇચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજાં પદાર્થ ત્યાં પેસવા દેવાં નહીં. **સિદ્ધાંત :** પરમેશ્વરનાં ચરણારવિંદને પામવાને માટે હૃદયને વિષે પંચવિષયોને પેસવા જ દેવા નહિ. ભગવાનને ઠેકાણે ધન-સ્ત્રીયાદિક પદાર્થ જો પેસી જાય તો આપણી ભક્તિ ખોટી થઈ જાય છે. જેમ સંત જાણપણારૂપ જે ભગવાનના ધામના દરવાજે ઊભા રહીને પોતાના હૃદયમાં કોઈ પદાર્થને પેસવા દેતા નથી, તેમ આપણે પણ જાણપણારૂપ દરવાજે ઊભા રહેવું.

૩. **ચક્રવર્તી રાજાના દૃષ્ટાંતે પરમેશ્વરનો મહિમા (અં૩૯/૬૩૦) દૃષ્ટાંત :** 'જેમ આ પૃથ્વીનો ચક્રવર્તી રાજા હોય ને તે રાજાનાં જે ગામડાં તે તો ગણાય એવાં હોય તો પણ તેની કેટલી મોટ્યપ જાણ્યામાં આવે છે ! અને ભગવાનને તો એવાં બ્રહ્માંડની પણ ગણતી નથી, માટે ભગવાનની તો બહુ જ મોટ્યપ છે. અને તે બ્રહ્માંડને વિષે આ જીવ છે તે ભગવાનની આગળ શા લેખામાં છે ?' **સિદ્ધાંત :** જેમ પૃથ્વીના ચક્રવતી રાજાને પોતાનાં રાજ્યમાં આવેલા ગામડાની ગણતરી નથી. તેમ ભગવાનને એવા બ્રહ્માંડોની ગણતરી નથી. બ્રહ્માંડો રાજાના રાજ્યમાં આવેલા ગામડા જેવા છે. એના ઉપરથી આપણે ભગવાનના સુખની ગણતરી કરીએ તો ભગવાનનું મહાત્મ્ય સમજાય અને પંચવિષયમાંથી આસકતિ ટાળી શકાય અને ભગવાનમાં જ વૃત્તિ જોડાય તો ભગવાનની પ્રાપ્તિ થાય.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

| |
|---|
| **નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.** |

૧. **'મુક્તાનંદ સ્વામી ! તમે સમજ્યા નહિ, અલૈયો તે અલૈયો.' - શ્રીજીમહારાજ (લો.૧૭/૩૦૮)**
**સંદર્ભ :** અને જે દેહાભિમાની હોય ને પંચવિષયનો અતિશય અભાવ ન થયો હોય, તેને જ્યારે સંત એ વિષયનું ખંડન કરે ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો પણ અભાવ આવે અને મુક્તાનંદ સ્વામી જેવા વિષયનું ખંડન કરે તો તેનું માથું શસ્ત્રે કરીને મૂકાવી દે એવો દ્રોહ કરે. **સમજૂતિ :** દેહાભિમાની હોય તેને કોઈ સંત થકી માન ખંડન થાય તો તે સંતનો અભાવ આવે છે અને સત્સંગમાંથી પડી જાય છે.

૨. **'છાંડી કે શ્રીઘનશ્યામ ઓર કા જપું જો નામ, કર લઈ કટારી મોરી જીવા કાટ ડારીએ..' (અં.૧૬/૫૭૮)**
**સંદર્ભ :** જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહીં. અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહીં, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે, અને બીજાને જે કાંઈક માને તે તો તેના જાણીને માને.
**સમજૂતિ :** જીવને જ્યારે ભરતખંડને વિષે જન્મ મળે છે. ત્યારે ભગવાન કાં ભગવાનના સંત જરૂર વિચરતા હોય છે. એટલે આપણે જે સમયે જે રૂપે ભગવાનની પ્રાપ્તિ થાય તે સાથે જ પ્રીતિ કરવી. તુલસીદાસને પણ જ્યારે શ્રીકૃષ્ણ ભગવાને દર્શન દીધાં ત્યારે તેમણે કહ્યું : 'કહા કહું છબિ આપકી ભલે બિરાજો નાથ, તુલસી મસ્તક તબ નમે, જબ ધનુષબાણ લીયો હાથ.' તેમ આપણે પણ હાલ પ્રમુખસ્વામી રૂપે મહારાજ મળ્યા છે. તો બીજા અવતારો કે દેવી-દેવતાઓનો જપ કરવાની જરૂર નથી.

૩. **ભરૂચના ગણપતરામભાઈને વડતાલમાં રામચરણદાસનો સમાગમ થયો અને કાયમ માટે ભગતજી મહારાજને છોડી દીધા. (અં.૧૨/૫૬૬)**
**સંદર્ભ :** ભગવાન તથા ભગવાનના ભક્ત તેનો જેને અવગુણ આવ્યો હોય ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો. જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે તેને પણ હડકવા હાલે, તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે, તો તે હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય. **સમજૂતિઃ** ભગવાન કે સત્પુરુષનો દ્રોહ કરનારનો જે સંગ કરે તેને પણ ભગવાન અને સત્પુરુષનો અભાવ આવતો જાય છે. પરિણામે તે કલ્યાણના માર્ગમાંથી પડી જાય છે. એટલું જ નહિ તેનો જીવ પણ જડ સંજ્ઞાને પામે છે.

૪. **આપણાં મંદિરોમાં ગુણાતીતાનંદ સ્વામીને સાધુ હોવા છતાં શ્રીજીમહારાજ જેવા જ શણગાર કરવામાં આવે છે. (વર.૫/૫૦૬)**
**સંદર્ભ :** એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. **સમજૂતિ :** ભગવાન અને ભગવાનના ઉત્તમ લક્ષણવાળા ભક્તની સરખી અતિ પ્રેમે કરીને સેવા કરતાં આ ને આ જન્મે આત્યંતિક મુક્તિ પમાય છે.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમ એ ચાર સાધને કરીને ઇન્દ્રિયો જિતાય છે અને ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જિતાય છે. (અં.૧૧/૫૬૪)

૨. એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે. (અં.૩૮/૬૨૭)

૩. ધર્મસંબંધી સાધનમાં તો એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે અને ભગવાન સંબંધી તો એ સાધન છે જે નિશ્ચય રહે તો સર્વે આવે. (લો.૬/૨૬૩)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, નવી આવૃત્તિના આધારે**

**અભ્યાસક્રમના ઉદ્‌ગીથ : ભાગ-૪ : ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩ ૨૪, ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫, પરિશિષ્ટ-૧**

**નોંધ :(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્નનંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. શ્રીહરિએ રાજવી ભક્તોને આપેલો ઉપદેશ :**

૧. ભગવાનના ભક્તનો જેણે દ્રોહ કર્યો છે તેનું સર્વનાશ થઈ ગયું છે. વીસનગરના સુબા લાલદાસને મહારાજનો ઉપદેશ. ૪/૬/૯૦

૨. નીતિ અને ધર્મ રાખે છે તેનો વિજય થાય છે. ૪/૬/૯૯

૩. અમદાવાદમાં એરણ સાહેબને તેમની રાજનીતિ અને ભારતીયોના દેશદ્રોહની સ્પષ્ટતાથી કરેલી વાત. ૪/૯/૧૭૧

૪. વસંતોત્સવમાં આવેલા જીવા બાપુને સત્સંગના રંગ અને મહિમાની કરેલી વાત. ૪/૧૦/૧૮૫

૫. ભગવાન મળ્યા પછી કોઈ કોરો રહે જ નહિ અને રહી જાય તો એ ભક્તની કચાશ છે - જીવા બાપુને (ગઢડા) ૪/૧૦/૧૮૯

૬. શ્રીજીમહારાજ દાદાખાચરને રાજનીતિ સમજાવે છે. ૪/૧૧/૧૯૩-૧૯૪

૭. તમે વર્તમાન લોપ્યાને ? સૂરા ખાચરને ચાર બળદ પાછા આપી આવવાનો આદેશ. ૪/૧૨/૨૪૪

૮. ભગવાન ને સંત તે આવે ત્યારે રાજી થવું પણ શોક તો ક્યારેય કરવો નહિ. ઝીણાભાઈને મહારાજે આપેલો ઉપદેશ. ૪/૧૨/૨૪૭

૯. અઢાર મણ ઘીનો વઘાર - સંતોનો કહેલો મહિમા - સૂરાખાચરને ૪/૧૨/૨૫૦-૨૫૧

૧૦. જેને સત્સંગ પ્રત્યે આત્મબુદ્ધિ નથી તે સત્સંગમાં છે તો પણ બહાર જ છે. ૪/૧૨/૨૫૧

૧૧. બાપુ ! કામ, ક્રોધ, ઈર્ષાના વેગને મોળા પાડી દ્યો તો જ સત્સંગનું સુખ આવશે - જીવાખાચરને. ૪/૧૩/૨૯૩

૧૨. ભોળા માનવીને ભરમાવા માટેની આ ભક્તિની ભ્રમજાળ નથી - સત્સંગમાં અમૃત - વિષ વસ્તા ખાચરને.૪/૨૪/૪૬૦

૧૩. અમારી સાથે પણ છેતરામણ ? ભગાદોશીના ધામમાં ગયાના સમાચાર વહેતા મૂક્વા માટે- ગઢડાના જીવા ખાચરને. ૪/૨૪/૪૬૮

૧૪. અમે રાજ્ય સિંહાસનમાં બેસવા પ્રગટ થયા નથી - સયાજીરાવ સરકારને. ૫/૯/૧૪૫

૧૫. એડવર્ડ લેઈટન જસ્કિન - ધર્મ પ્રત્યે પ્રેમ રાખવાનો મુદ્રાલેખ અંકિત કરી રાખવો. ૫/૧૦/૧૭૬

૧૬. શ્રમથી કમાયેલ ધન જો ભક્તિના કામમાં આવે તો કલ્યાણ થઈ જાય. (દાદાખાચરને) ૫/૧૮/૨૬૩-૨૬૪

૧૭. નીતિ, ન્યાય અને ધર્મના સિદ્ધાંતો આ ત્રણ તત્ત્વો હોય તો શાંતિ સ્થપાય જ. - માલ્કમ સાહેબ. ૫/૨૩/૩૮૫

૧૮. જે અન્યનું શ્રેય ઇચ્છે - તેનું શ્રેય તો જરૂર થાય તો તમારું શુભ જરૂર થશે - માલ્કમ સાહેબ. ૫/૨૩/૩૮૬

**૨. ક્ષમાનિધિ શ્રીહરિ**

૧. વિસનગરના સૂબા લાલદાસને મહારાજ માફી આપે છે. ૪/૬/૯૦

૨. કોઈનું ભગવાન પાસે ન ચાલ્યું અને તમારું ચાલશે ? અમૂલા ! દાદાના દરબારમાં આવજે; આપણે ભેગા છાશ પીશું. અમે તો બાપુનાં કારસ્તાન જોવા આવ્યાં હતાં. ૪/૧૧/૧૯૭

૩. દાદા ખાચર વિરુદ્ધ મહારાજની ના છતાં જીવાખાચર ફરિયાદ કરવા ગયા. ઘોડી પરથી પડ્યા. તેમનો ગુનો હોવા છતાં મહારાજ તેમને મળવા પધાર્યા અને કામ, ક્રોધ, ઈર્ષાના વેગને મોળા પાડવાનો ઉપદેશ આપ્યો. ૪/૧૩/૨૯૧-૨૯૩

૪. વસ્તાખાચર એ તો આપણા ખાતાનો જીવ છે. ૪/૨૪/૪૫૯

૫. વસ્તાની ફજેતી થાય એવું કરવું નહીં. ૪/૨૪/૪૬૨

૬. અમારી સાથે પણ આવી છેતરામણ ? (ભગા દોશી તો દેહ મેલી ગયા છે. જીવા ખાચર. આડસર કોરે રહી નથી ગયું. - મહારાજ) ૪/૨૪/૪૬૮-૪૬૯

૭. દુષ્ટોની દુષ્ટતા ૫/૨/૪૪-૪૫

૮. મહારાજે કહ્યું, સરકાર ! અમારા નિમિત્તે તેને કોઈ દંડ દેવાની જરૂર નથી. ૫/૯/૧૫૦

૯. વડોદરાના દ્વેષી દીવાનજીને મહારાજ પોશ ભરીને સાકર અને આશીર્વાદ આપે છે. ૫/૯/૧૫૬

૧૦. વડોદરાના મહારાજના દ્વેષી દીવાનને મહારાજનો ઉપદેશ. ૫/૯/૧૪૭

૧૧. મહારાજ લંગડા મીરને બોલાવી પાઘ આપે છે ૫/૧૭/૨૫૧

૧૨. દ્વેષી જીવાખાચરનું મહારાજે કરેલું કલ્યાણ - તેના બે ગુણો જોઈ અમે તેનાં કલ્યાણ કર્યાં. ૫/૧૮/૨૯૧-૨૯૨

**૩. અંગ્રેજ અધિકારીઓ પર શ્રીજીમહારાજનો પ્રભાવ**

૧. અમદાવાદમાં દસ વર્ષ પહેલાં પેશ્વાના સૂબાએ જ્યાં મહારાજને તેલના ટાંકામાં નાખી દેવા માટે તરકીબ કરી હતી ત્યાં એરન સાહેબ દ્વારા સ્વાગત. ૪/૬/૧૦૦

૨. આપને એરન સાહેબ યાદ કરે છે. - ખાસ સંદેશો મહારાજ જેતલપુરથી અમદાવાદ જરૂર પધારે. ૪/૯/૧૬૮

૩. અમદાવાદમાં મંદિર માટે વિશેષ જગ્યા જોઈતી હોય તો આપવાની મિ.એરનની તૈયારી - તેમના પછી આવનાર મિ. ડનલોપને પણ મહારાજના કાર્યમાં સહકાર આપવાની ભલામણ ૪/૯/૧૭૨

૪. અમદાવાદ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવમાં મિ. ડનલોપે ઉતારા માટે તંબુઓ અને રાવટીઓ મોકલ્યા. ૪/૧૫/૩૨૧

૫. ભરૂચની સહકારી કચેરીના અમલદારોને મહારાજ અને તેમના કાર્ય પ્રત્યે અનુરાગ હોવાથી ‘રેવા’ ઉતારવા ચાર વહાણોનો પરવાનો તરત જ આપ્યો. ૫/૨/૨૫-૨૬

૬. સુરતમાં એરન સાહેબને બંગલે મહારાજની પધરામણી - એરન સાહેબ દ્વારા મહારાજનું સ્વાગત. ૫/૨/૪૪

૭. એન્ડરસનને બંગલે મહારાજનું સ્વાગત. ૫/૨/૪૪

૮. મુંબઈ ઈલાકાના મદદનીશ રાજ્યપાલ મિ. હોલ્ફર્ડ મહારાજને અર્પણ કરેલી અકીકના પથ્થરની માળા. ૫/૯/૧૫૧-૧૫૨

૯. અમદાવાદમાં એડવર્ડ લેઈટન જસ્કિનના આમંત્રણથી તેના બંગલે મહારાજ પધાર્યા. ૫/૧૦/૧૭૬

૧૦. આપને એકાંતમાં જ મળવું છે. - માલ્કન સાહેબ - શ્રીજીમહારાજને ૫/૨૩/૩૮૫

૧૧. આપે જે શિક્ષાપત્રી આપી તે હજાર ઘોડાની ભેટ બરાબર છે. - શ્રીજીમહારાજને. ૫/૨૩/૩૮૬

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)**

**નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. હીરાદાસનો શ્રીહરિ પ્રત્યેનો દૃઢ નિશ્ચય**

૧. સંતો માટે નવું પ્રકરણ - નવું પ્રકરણ પાળવા અસમર્થ - આજ્ઞા લઈ નીકળી ગયા. ૪/૯/૧૫૯

૨. મારા જીવમાંથી આપના સ્વરૂપનો નિશ્ચય કાઢી નાખો. ૪/૯/૧૬૦

૩. સ્વામિનારાયણ કા નામ મત લેના - આ ડામ મારા શરીર ઉપર પડ્યા છે. ૪/૯/૧૬૧-૧૬૩

**૨. અરદેશર કોટવાલને શ્રીહરિનો નિશ્ચય**

૧. તમારા બધાના સંગથી, મુનિબાવાના ઉપદેશથી અરદેશર શેઠને સત્સંગ થયો છે. ભારે મુમુક્ષુ છે. ૫/૨/૨૮

૨. મહારાજ અરદેશર શેઠનું સન્માન કરે છે. ૫/૨/૩૫

૩. ખુદા હોય તેમનામાં વિવેક, નમ્રતા હોય છે. ૫/૨/૩૬

૪. અરદેશરની વાડીમાં પધરામણી સમયે શેઠ અને મહારાજ વચ્ચે પ્રશ્નોત્તરી . ૫/૨/૪૮

| | | |
|---|---|---|
| ૫. | અરદેશરે સ્વીકારેલું મહારાજનું શરણ. | ૫/૨/૪૮ |
| ૬. | મહારાજે અરદેશરને આપેલી પાઘ . | ૫/૨/૪૯-૫૦ |
| ૭. | અરદેશરની મહારાજે કરેલી રક્ષા | ૫/૨/૫૦-૫૧ |
| **૩.** | **દલિતોના ઉદ્‌ધારક શ્રીજીમહારાજ** | |
| ૧. | પંચાળામાં મહારાસ પછી ગામલોકોને જમાડવાનો મહારાજનો સંકલ્પ. | ૪/૧૮/૩૮૧ |
| ૨. | કોરા સુખડામાં આપણું પેટ ભરાય નહીં. | ૪/૧૮/૩૮૨ |
| ૩. | શેલણ જમાડો. | ૪/૧૮/૩૮૨ |
| ૪. | એવા પાપીને તે વળી જમાડવાના હોતા હશે ? | ૪/૧૮/૩૮૩ |
| ૫. | મહારાજે વાઘરીઓને જમાડ્યા ને વૃદ્ધ વાઘરીના અંતસમયે લેવા આવ્યા. | ૪/૧૮/૩૮૪ |

**પ્ર.૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

**૧. કલ્યાણ તો અમારી મૂર્તિના સંબંધથી જ થશે ? (૫/૧/૧૦-૧૨)**

**પ્રસંગ :** વરતાલ મૂર્તિ પ્રતિષ્ઠા સમયે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને બધી મૂર્તિઓ તૈયાર છે. તે સમાચાર આપતાં કહ્યું : 'આપની મૂર્તિની પણ પ્રતિષ્ઠા થવાની છે. આ વાત જાહેરમાં ચર્ચાય છે. કેટલાકને રુચે અને કેટલાકને નથી રુચતું. ત્યારે મહારાજે કહ્યું : 'મનુષ્યની બુદ્ધિ જ એવી છે કે સત્સંગ કર્યા પછી પણ પોતાના નક્કી કરેલા નિર્ણયથી વિરુદ્ધ કામ થાય ત્યારે તેને સંકલ્પ-વિકલ્પ થવાના જ, પરંતુ તે જ મૂર્તિ સત્સંગીઓ માટે ધ્યેય છે. તેનું જ ચિંતવન સૌ કરશે, તેને જ પોતાના ઈષ્ટ માનશે, પ્રેમથી તે મૂર્તિની જ માનસી પૂજા કરશે. અમે જ્યારે પ્રત્યક્ષ નહીં હોઈએ, ત્યારે તે મૂર્તિ જ સૌને જીવનદોરીરૂપ મનાશે, તેનો જ મહિમા સૌ ગાશે અને કલ્યાણ પણ તે મૂર્તિના સંબંધથી જ થશે.' પાસે બેઠેલા મોટેરા સંતો સમજી ગયા કે મહારાજને તો મુમુક્ષુઓનું આત્યંતિક કલ્યાણ કરવું હતું અને તે સંકલ્પથી જ તેમને પોતાની જ મૂર્તિનું આલંબન મુમુક્ષુઓને આપવું હતું. પોતે સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ હતા જ અને સૌના ઉપાસ્ય હતા. તેથી પોતાનું પૂજન, અર્ચન થાય તેવી કોઈ ભાવના તેમને ન હતી. છતાં એ પૂજન, અર્ચન મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ માટે અનિવાર્ય પણ હતું. તેવો મહામોટો આશય રાખીને મહારાજે પોતાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય કરી લીધો હતો. તેથી સંતોએ મહારાજને કહ્યું : 'આપની ઈચ્છા પ્રમાણે જ થશે.'
**મનન :** ભગવાન જ્યારે પ્રત્યક્ષ ન હોય ત્યારે પણ કલ્યાણનો માર્ગ ખુલ્લો રહે અને મુમુક્ષુઓને મૂર્તિ દ્વારે પણ પોતાનું સુખ મળે તેઓ બીજે લેવાઈ ન જાય તે માટે પણ તે જરૂરી હતું. તેથી મહારાજે પોતાની મૂર્તિ પધરાવી.

**૨. કાશીદાસના ઘર ઓલવવા અમારે જવું પડ્યું. (૪/૧૩/૨૮૯-૨૯૦)**

**પ્રસંગ :** મહારાજ ગઢડામાં સભા કરીને બેઠા હતા. એકાએક બ્રહ્મચારીને કહ્યું : 'ઝટ તેલ લાવો. અમારા બંને હાથ દાઝી ગયા છે.' મહારાજે પોતાના બંને હાથ બતાવ્યા. ફોડલા પડી ગયા હતા. ચામડી લાલ થઈ ગઈ હતી. મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું : 'આપ તો અહીં બિરાજો છો અને અહીં ક્યાંય અગ્નિ નથી તો પછી દાઝ્યા કેમ?' બ્રહ્મચારીએ બંને હાથે તેલ ચોપડ્યું. પછી મહારાજે કહ્યું : 'આ બોચાસણના મુખી કાશીદાસ મોટા અહીં અમારા દર્શને આવ્યા છે, પણ બોચાસણમાં તેમના ઘરને આગ લાગી એટલે તે ઓલવવા અમે ત્યાં ગયાને અગ્નિદેવે હાથનો સ્પર્શ કરી શાંતિ લીધી અને ગરમી અમને આપી. ત્યારે કાશીદાસે કહ્યું : 'આપ અમારી આટલી બધી સંભાળ રાખો છો ! અમે તો આપને માટે કાંઈ જ કરી શકતા નથી.' ત્યારે મહારાજે કહ્યું : 'તમે અમારું ભજન કરો અને અમે તમારું ભજન કરીએ. ભક્તને ભગવાનને આવો સંબંધ સદા હોય છે. અમે કાંઈ નવીન નથી કર્યું. કાલે તમે બોચાસણ જાઓ. બળેલો કાટમાળ કાઢી નાખજો. બારી ઉપર અમે બેઠા હતા એટલે તે બળી નથી, પણ ધુમાડાથી કાળી થઈ ગઈ છે. એટલે તે એમ ને એમ રહેવા દેજો.' **મનન :** 'સમરથ શું ન કરે, પ્રભુ પલમાં ચાહે સો કરે.' 'ભક્તવત્સલ પ્રભુ બિરુદ તુમ્હારા' ભગવાન ભક્તને આધીન છે. ભક્તના દુઃખમાં ભગવાન હાજર થઈને તેની રક્ષા કરે છે.

૩. **મહારાજ નેતરાં તાણે છે. (૪/૧૨/૨૫૩) પ્રસંગ :** લોયામાં એકલા છાશ વલોવતાં થાકી ગયેલા શાંતિબાને જોઈને મહારાજે પૂછ્યું : 'શાંતિબા ! કેમ એકલાં વલોણું કરો છો ?' ત્યારે તેમણે કહ્યું : 'દીકરી વલુ પાણી ભરવા ગઈ છે, તેથી એકલાં કરવું પડે છે. માખણ હજી નીતરતું જ નથી.' આ સાંભળી મહારાજે હાથમાં નેતરાં પકડી લીધાં. બંને સામસામા નેતરાં તાણતા હતા ત્યાં સુરાખાચર આવ્યા. આ દિવ્ય લીલાનાં દર્શન કરવા લાગ્યાં. તેમને થયું આ સ્થાન, પ્રસંગ અને શાંતિબા બધું કેટલું દિવ્ય છે ! એટલામાં શાંતિબાએ કહ્યું : 'મહારાજ ! માખણ ઉપર આવી ગયું. હવે રાખો.' શાંતિબાને મહારાજની દિવ્ય મૂર્તિ અંતરમાં જડાઈ ગઈ. **મનન :** ગ.પ્ર.૩ માં કહ્યું છે કે 'ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી. જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.' માટે જીવના કલ્યાણને અર્થે મહારાજે આવી લીલાઓ કરી છે.

૪. **ગોપાળ સ્વામીના વચને બોરડી સ્વભાવ છોડે છે. (૫/૫/૩૮૮) પ્રસંગ :** મહારાજ રાજકોટમાં ગર્વનરને મળીને સૌને નીકળવાનું કહે છે. ત્યારે ગોપાળાનંદ સ્વામીની પાઘ બોરડીના કાંટામાં ભરાઈ અને એક છેડો છૂટી ગયો. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'તારી છાયામાં સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ ઊતર્યા અને તેમનો તને સ્પર્શ થયો, છતાં હજુ પણ તેં સ્વભાવ મૂક્યા નથી ?' ગોપાળાનંદ સ્વામીના આ વચને બોરડીના બધા કાંટા નીચે ખરી પડ્યા.
**મનન :** 'દરબારમાં પડ્યો રહે ધક્કા ધણીના ખાય, કોઈક દી લહેરમાં આવે તો કામ થઈ જાય.' બોરડી મહારાજની સેવામાં આવી અને સંતની દૃષ્ટિ પડી તો તેનું કામ થઈ ગયું. સ્વભાવ મૂકાઈ ગયા. નિર્જીવ એટલે કે વનસ્પતિ જેવી જડ વસ્તુ પણ ભગવાન અને સંતના વચને પોતાના સ્વભાવ છોડી શકે છે. સંતની કૃપાથી એક પશુ પણ અણદછાજતા સ્વભાવ મૂકી દે છે.

૫. **આ કંઠી અને સત્સંગ શિર સાટે છે. (૪/૨૨/૪૩૦-૪૩૨) પ્રસંગ :** હિમરાજ શાહ ધામમાં પધાર્યા ત્યારે તેમના કારજ પ્રસંગે તેમના દીકરાઓએ ન્યાત તેડાવી. ત્યારે તેમના સગાઓએ કહ્યું : 'તમે સ્વામિનારાયણની કંઠી તોડી વૈષ્ણવી કંઠી ધારણ કરો તો જ ન્યાત જમવા આવશે.' ત્યારે તેમણે ના પાડી. ન્યાતના હાથ હેઠા પડ્યા. છેવટે કહ્યું : 'ન્યાત જમવા બેસે ત્યારે તમે એક ઓરડામાં બેસી રહેજો. ન્યાત સમક્ષ આવશો નહિ. અમે વાત વહેતી મૂકીશું કે હિમરાજ શાહના પુત્રોએ સત્સંગ મૂકી દીધો છે. આટલું માનો તો ન્યાત જમશે. દીકરાઓએ તો ચોખ્ખું સંભળાવી દીધું કે 'આ કંઠી અને સત્સંગ શિર સાટે છે. ન્યાતને જમવા આવવું હોય તો આવે નહીં તો અમારા સાચા સગા છે તે સૌ બાપાના કારજ પ્રસંગે આવશે. અમારે ત્યાં મોટો ઉત્સવ કરીશું.' હીરાભાઈ પાસેથી આ વાત સાંભળી તેમની ટેકથી મહારાજે પ્રસન્ન થઈ હિમરાજ શાહના કારજ નિમિત્તે વસંતનો ઉત્સવ સુંદરિયાણામાં કરવાનું નક્કી કર્યું. હીરાભાઈ તથા ભગાભાઈની સાથે મહારાજે આનંદ સ્વામી તથા બીજા સેવકોને સુંદરિયાણા તૈયારી કરવા મોકલ્યા. આ.સં. ૧૮૮૦ના માઘ માસના પડવે મહારાજ સુંદરિયાણ જવા નીકળ્યા. પાદરમાં હિમરાજ શાહના કુટુંબીજનોએ તથા ત્યાંના હરિભક્તોએ મહારાજનું સ્વાગત કર્યું, મહારાજે પાકશાળા જોઈ સામગ્રીઓ ઓછી લાગતા ચાલીસ મણ ઘી અને ચાલીસ મણ ખાંડ બીજી મંગાવવા કહ્યું. **મનન :** 'શુદ્ધ ઉપાસના સર્વોપરી નિષ્ઠા, પ્રગટાવી ગુરુ રાજે, એકાંતિક ધર્મની વૃદ્ધિ કરવા વિચરી રહ્યા છો આજે' મહારાજ અને સંતોના વિચરણથી શુદ્ધ ઉપાસના પ્રવૃત્તિ અને મુમુક્ષુઓ તેને પ્રાણના ભોગે પણ વળગી રહ્યા.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

> **નોંધ :પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. નિષ્કુળાનંદ સ્વામી :**

૧. મહારાજે અડાલજની વાવમાં કોતરાવેલ લેખ નિષ્કુળાનંદ સ્વામી પાસે વંચાવ્યો. ૪/૬/૯૫-૯૬

૨. નેનપુરના દેવજી ભગતનો દીકરો ધામમાં જતાં - દિલગીરી વ્યક્ત કરતાં સ્વામી કહે છે આ અવસ્થાએ ભારે દુ:ખ આવ્યું - મહારાજ કહે સંકલ્પ હતો તો લઈ જવો પડે. દેવજી ભગત ખરેખરા મુક્ત. ૪/૧૦/૧૮૧

૩. મહારાજે સાલેમાળના ડુંગરામાં જવા માટે ગાડી બનાવવાની કરેલી આજ્ઞા. ૪/૧૧/૨૦૬

૪. મહારાજની માંદગી(ઉદાસીનતા) - શેરડીનો રસ આપતા. ૪/૧૧/૨૦૮

૫. મહારાજે કારિયાણીમાં ગોપાળાનંદ સ્વામીને કહેલા પ્રાગટ્યના હેતુઓ સાંભળી રામાનંદ સ્વામીએ કહેલી વાતની કડી મેળવી ૪/૧૧/૨૩૨-૨૩૩

૬. લોયામાં મહારાજને બેસવા માટે મોટો મંચ બનાવી સંતો - હરિભક્તોને રાજી કર્યા ૪/૧૨/૨૪૨

૭. લોયામાં સંતોને હાથે રસોઈ કરવાની આજ્ઞા - સ્વામી ભાત અને ખીચડી બનાવતાં. ૪/૧૨/૨૪૯

૮. મહારાજ માટે નિષ્કુળાનંદ સ્વામીએ મંચ બાંધ્યો હતો તે ઉપર મહારાજ બિરાજતા. નિષ્કુળાનંદ સ્વામી, સંતો વગેરે ગરબીનાં પદો ગાતાં. ૪/૧૩/૨૮૨

૯. અમદાવાદમાં બ્રાહ્મણોની ચોરાશી કરી ત્યારે મહારાજે સ્વામીને ઘીના કોઠાર ઉપર મૂક્યા - ૪/૧૫/૩૨૯

૧૦. પંચાળામાં ઝીણાભાઈના દરબારમાં મહારાજનો પલંગ રહે અને બધાને દર્શન તેવી પથ્થરની વેદી બનાવી. ૪/૧૮/૩૬૭

૧૧. પંચાળાના મહારાસમાં પગે ઘૂઘરા બાંધી, હાથમાં કરતાલ રાખી રાસ રમ્યા ૪/૧૮/૩૭૨,૩૮૧

૧૨. 'તમે રત્ના કડિયાને મુક્તાનંદ સ્વામી જેવો જાણ્યો ?' - મહારાજ નિષ્કુળાનંદ સ્વામીને ૫/૧૮/૨૬૫-૨૬૬

**વ્યક્તિત્વનું આલેખન :** મહારાજની આજ્ઞા પાળવામાં હંમેશાં તત્પર - પોતાની કળાનો ઉપયોગ સંતો-હરિભક્તોને રાજી કરવા માટે કરતા.

**૨. મૂળીના રાજુબાઈ**

૧. અમારે અમારું બિરુદ જાળવવું પડે. લોયાના સૂરા ખાચર સાથે મહારાજ મૂળીમાં પાતલભાઈને ઘેર.૪/૨૩/૪૪૩

૨. રાજુબા ! દર્શન કરી લો. તમારી વૃત્તિએ અમને ખેંચ્યા. ૪/૨૩/૪૪૪

૩. મહારાજના દર્શન ન થતાં રાજુબાએ કરેલો અન્નનો ત્યાગ. ૪/૨૩/૪૪૪

૪. કંસારમાં વધુ ઘી નંખાવી થોડો જ કંસાર જમી મહારાજે કહ્યું, 'આ વધેલી બધી જ પ્રસાદી તમારે માટે છે. ૪/૨૩/૪૪૫

૫. જીવનું પોષણ અમારા સંબંધથી છે, જ્યારે સંભારીશ ત્યારે તરત જ તમને દર્શન દેવા આવી જઈશું. ૪/૨૩/૪૪૫

૬. મહારાજની ટાઢ ઉડાડવા ઘરનું બધું બળતણ, સાંગા માંચી, ગાડાનું પૈડું બાળી દીધું અને રંગીન ઢોલિયાની ઈસો, પાયા પણ બાળવા તૈયાર થયાં. ૪/૨૩/૪૪૫-૪૪૬

૭. આ કૃપાની મૂડી મારા અંતરમાં સચવાય એવી દયા કરો. ૪/૨૩/૪૪૬

૮. રાજુબા ! અમેય ભીડામાં આવ્યા છીએ. વરતાલ મંદિરના બાંધકામમાં નાણાની જરૂરિયાત - રાજુબાએ આપેલો ચંદનહાર. ૪/૨૩/૪૪૬-૪૪૭

૯. મારું સર્વસ્વ તો મારા અંતરમાં જકડાઈ ગયું છે. ૪/૨૩/૪૪૭

**વ્યક્તિત્વનું આલેખન :** મહારાજ સાથે પ્રેમલક્ષણા ભક્તિએ કરીને બંધાયેલા. મહારાજને માટે શું ન થાય ? પોતાનું સર્વસ્વ મહારાજને અર્પણ કર્યું.

**વિભાગ - ૩ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**૧. સ્વામીશ્રીની વાણી - આત્મામાંથી વહેતી સહજ સરવાણી**

૧. ટેકસાસમાં ડૉ. સુધીરભાઈના માનસી પૂજાના પ્રશ્નનો જવાબ. ૧૧૧

૨. માયાનો પેચ - વ્યવહાર કરતાં આત્માનો વિચાર. ૧૧૧-૧૧૨

૩. મનને સ્થિર કરવા - બળદનું ઉદાહરણ. ૧૧૨

૪. ગુરુત્વાકર્ષણના ઉદાહરણે વાસના-સ્વભાવ ટાળવાનો ઉપાય. ૧૧૨

૫. જીવનો સત્સંગ. ૧૧૨-૧૧૩

૬. કાપડના વેપારીના દૃષ્ટાંતે ભગવાનની વાતો કરવાનો ઉમંગ. ૧૧૩

૭. આચાર વિચાર શુદ્ધ કરવાનો આદેશ. - આત્માનો ખોરાક. ૧૧૩

૮. ગોંડલમાં રામજી ભગત સાથેનો સંવાદ - દાંતનો નિશ્ચય થઈ ગયો છે ! એવો પ્રગટ ભગવાનનો નિશ્ચય થવો જોઈએ. ૧૧૪
૯. ઈ.સ. ૧૯૮૭ ના દુષ્કાળમાં પશુ માલિકોને મંદિરના કેટલ કેમ્પમાં ઢોર મુકવાનું સમજાવતાં. ૧૧૪-૧૧૫
૧૦. સાંકરીમાં દૂબળા હળપતિઓને મંદિરમાં આવવાની આજ્ઞા. ૧૧૫
૧૧. સ્વામીની ભાષા, પ્રેમ અને શાંતિની છે. - વિલિંગ્ટન - સ્વામીશ્રીની વાણી મુમુક્ષુને સત્સંગ છોડી જતાં રોકે છે. ૧૧૫
૧૨. વાંકાનેરનો યુવક મા-બાપને બતાવી દેવાના આશયથી વ્યસનના માર્ગે જતો સ્વામીશ્રીની મંગળવાણીએ અટકાવ્યો. ૧૩૮
૧૩. અમેરિકાના રીકી પ્રેજકટી સાથે વ્યસન મુક્તિ વાર્તાલાપ. ૧૪૫-૧૪૭
૧૪. લેસ્ટર (યુકે)માં ફ્રેન્કનું ટેન્શન દૂર થયું. (પુત્ર આપઘાતનું) ૧૪૭-૧૪૮

**૨. પંચવર્તમાને શૂરાપૂરા - પ્રમુખસ્વામી મહારાજ (નિર્લોભી અને નિઃસ્વાદી)**

**નિર્લોભીઃ** ૧. ''સ્વામીશ્રીને ગજવું નથી'' - એક કથાકાર. ૭૯
૨. પરદેશની મુસાફરીમાં સ્વામીશ્રી તથા સંતો પાસે સામાન્ય મુસાફરો જેટલા પણ નાણાં ન હતા. ૭૯
૩. નાણાંનો અજાણતાં સ્પર્શ - જાણે અગ્નિનો સ્પર્શ - પચીસ વખત ધૂળથી હાથ ધોયા. ૭૯-૮૦
૪. ચાંદીના ઉલિયાનો ઘા - ગાલીચો પાછો અપાવી દીધો - જૂનાં ધોતિયાનો જ આગ્રહ - ભૌતિક સગવડો - કીર્તિ યશની સ્પૃહા જ નથી. ૮૦-૮૧

**નિઃસ્વાદીઃ** ૧. નિઃસ્વાદી તો એવા કે કોઈ સ્વાદની રુચિ જ બતાવી નથી. પીઝાના રસિયા તો જુદા આ તો મમરાના રસિયા. ૮૧
૨. કરકરવાળા રોટલા બોલ્યા વિના જમી ગયા. ૮૧
૩. શીરામાં ભૂલમાં ખાંડ બદલે મીઠું નંખાયેલ શીરો ચૂપચાપ જમી લીધો. ૮૧-૮૨
૪. સાંકરીમાં કડવાં ઢેબરાં જમી લીધા. ૮૨
૫. મહેસાણામાં પોતાની જ જન્મ જયંતીએ કડવી કાકડી ચૂપચાપ જમી લીધી. ૮૨
૬. ખારાં દૂધીનાં ઢેબરાં જમ્યા - ખાશો ત્યારે ખબર પડશે. પોતે કાંઈ બોલ્યા જ નહિ. ૮૨
૭. બહેરીનમાં મીઠા વિનાનું શાક જમી લીધું. - ભોજનમાં રસ વિષે કોઈ ફરિયાદ નહિ, ઠાકોરજીના થાળમાં જે પીરસાયું તે જ જમી લે. ૮૨

**૩. દાસભાવ - સ્વામીશ્રીની જીવનશૈલી**

૧. સાધુ થયા ત્યારથી જ દાસભાવે ગોંડલ મંદિરમાં સફાઈની સેવા, મંદિરના બાંધકામની સેવા વગેરે, યોગીજી મહારાજની સહાયથી કરતા. ૨૧
૨. ઈ.સ. ૧૯૪૩માં અટલાદરાના મંદિર નિર્માણ વખતે ચૂનો કાલવવાની કરેલી સેવા. ૨૨
૨. પ્રમુખ તરીકેની વરણી થયા પછી તરત જ હરિભક્તોના એંઠા વાસણ ઉટક્યા. ૨૯
૩. સંત સ્વામીને દંડવત્ કરે. ૩૪
૪. આપ સૌએ ખૂબ સેવા દાખડો કર્યો - અમારું મસ્તક નમે એવી સેવા... અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દિ વખતે સંતોને યશ આપ્યો. ૩૭
૫. કરોડ કરોડ વંદન કરું તો પણ ઓછાં છે. - પ્રેમાભાઈ હોલમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દિ વખતે. ૩૭
૬. સૌરાષ્ટ્રના વિચરણ વખતે એક હરિભક્તની નવી ઘંટીમાં પાલો બાજરો દળી આપ્યો. ૬૫-૬૬
૭. સ્વામીશ્રી ગુરુપદે આવ્યા બાદ પણ મુંબઈ જતાં ત્રીજા વર્ગમાં મુસાફરી - ઍરોપ્લેનમાં ટુરિસ્ટ ક્લાસમાં જ લંડન ગયા. ૭૧
૮. પધરામણીએ ન જઈ શકે તો પત્ર કે ફોન પર માફી માંગી લે. ૭૪
૯. હિંદુ ધર્મના મોટા આચાર્યના જમણા અંગૂઠાનું સ્વામીશ્રીએ પૂજન કર્યું. આપણે તો સદા સેવક જ રહેવું. ૮૪
૧૦. રોમફર્ડના શ્રી પરમારની માફી માંગી - પોતાની ભૂલ ન હતી છતાં શ્રી પરમારના પત્રના જવાબમાં માફી માંગતો પત્ર લખ્યો. માફી માગવી એ પણ એક દાસભાવ છે. ૮૪
૧૧. સ્વામીશ્રીની સેવામાં લાખો અનુયાયીઓ - છતાં પોતે ગાડામાં સૂતા છે. કાંકરામાં પણ સૂતા છે, જમીન પર સૂતા છે. સારંગપુર સ્મૃતિમંદિરના ગર્ભગૃહના પગથિયાં પર પાથર્યા વિના બેસી ગયા. ૮૫

૧૨. ગોંડલમાં તેમના નિર્ધારીત આસન પર બીજા મહંત બેઠેલા, સ્વામીશ્રી નીચે બેસી ગયા. ૮૫
૧૩. જેતપુરમાં બગડેલી મોટરને ધક્કા માર્યા - માટુંગામાં હરિભક્તના નવા મકાનમાં ચાદરો બિછાવવા લાગ્યા. -ગોંડલમાં રોટલી વણવા બેઠા - કોલકત્તામાં પૂરી તળવા બેઠા - જળઝીલણીના સમૈયા પછી સંડાસ સાફ કર્યાં. - દાસના પણ દાસ-પ્રગટ ભગતના ધોતિયા ધોઈ નાખ્યાં - પ્રગટ ભગતની ટિકીટના બે રૂપિયા માટે ડબ્બે ડબ્બે ફર્યા. ૮૬
૧૪. એક પત્રના સંદર્ભમાં સ્વામીશ્રીએ લખ્યું : I am Brahma, Akshar, Shreeji Maharaj's Das. ૧૮૦

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો.**
**(દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) (કુલ ગુણ ૬)**

**૧. નેવાનાં પાણી મોભે**

૧. ઓદરકાના રામસંગ બાપુ ૧૭૦-૧૭૧
૨. ક્રોધી શિક્ષકના ક્રોધનો નાશ - તળાજા પંથકના રિશુભા - વ્યસન છોડાવવાની જડીબુટ્ટી. ૧૭૨-૧૭૩
૩. અમદાવાદના વ્યસનની યુવાનની સતત ત્રણ વર્ષ સંભાળ લઈ મુક્ત ૧૭૪-૧૭૫
૪. તા. ૧૨-૦૪-૧૯૯૦ના રોજ ઓદરકા અને કુકડ ગામોના અપૈયાનું નિવારણ ૧૭૫-૧૭૭

**૨. બીજાની અપેક્ષાઓ માટે પોતાની ઉપેક્ષા કરતા સ્વામીશ્રી**

૧. મણિભાઈ સલાડવાળાનો અક્ષરવાસ - મોરબીથી ઠીકરિયા. ૬૯
૨. શરીરનાં દર્દોને ગણકાર્યા વગર વિચરણ અને પધરામણી. ૬૯
૩. નિર્જળા એકાદશી ૧૦૨ ડિગ્રી તાવમાં ૧૨૨ પધરામણી. ૬૯
૪. કાળઝાળ ગરમીમાં અશક્તિ છતાં સાબરકાંઠાનું વિચરણ. ૬૯-૭૦
૫. બોસ્ટનમાં આપણું જે થવાનું હોય તે થાય હરિભક્તોને રાજી રાખવા. ૭૦
૬. ડભાણથી પાછા પીપલગ રાત્રે ૧૨ વાગ્યા સુધી પધરામણી. ૭૦
૭. ફિલાડેલ્ફિયામાં આખી રાત પધરામણી. ૭૦
૮. સાબરકાંઠામાં ૨૭ દિવસમાં ૮૭ ગામો, સુરતમાં ૨૦ દિવસમાં ૯૦ ગામો. ૭૦
૯. સંસ્થાના પ્રમુખ તરીકેની કોઈ સવલતો સ્વીકારતા નહિ - કડી પારાયણનો પ્રસંગ. ૭૧-૭૨
૧૦. વરસતા વરસાદમાં કડી, બુડાસણમાં પધરામણી - પીરસાયેલા થાળને પાછો ઠેલીને પધરામણીએ. ૭૩-૭૪

**૩. અક્ષરધામના ભવ્ય નિર્માણની પ્રેરણા ગંગોત્રી**

૧. ઈ.સ. ૧૯૮૩માં સંતોનો સ્વામીશ્રીને પ્રશ્ન આપના કોઈ વિશિષ્ટ સંકલ્પ ખરા ? સ્વામીનો પ્રત્યુત્તર 'અક્ષરધામ' ૧,૬૦,૦૦૦ ઘનફૂટ પથ્થર, ૮૦,૦૦,૦૦૦ માનવ કલાકોનો પરિશ્રમ, અષ્ટકોણ શિખર, ૧૦૮ ફૂટ ઊંચી, ૧૩૧ ફૂટ પહોળી, ૨૪૦ ફૂટ લાંબી ભવ્ય ઈમારત, ઉત્તરાભિમુખ સ્મારક. ૧૫૯
૨. હર્ષદભાઈ ચાવડાનો અનુભવ - સ્મારક ભવન અને પ્રદર્શન ખંડો વચ્ચે પરિક્રમાનું આયોજન - પ્રવેશદ્વારના સ્થાન વિષે આર્કિટેકટને સ્વામીશ્રીએ આપેલો અભિપ્રાય. ૧૬૦-૧૬૧
૩. સમયપાલનનો આગ્રહ - કારીગરો અને મિસ્ત્રીઓ પર આશીર્વાદની વર્ષા ૧૬૧-૧૬૨
૪. અક્ષરધામ જોવા કતારમાં ઊભેલા મુરબ્બીનો અભિપ્રાય 'અક્ષરધામ કાયમી છે એ વાત ખરી, પણ હું કાયમી નથી ને !' ૧૬૨

**૪. મળ્યા મુને શાસ્ત્રીજી મહારાજ**

૧. ગૃહત્યાગ કરી રાવજીભાઈ સાથે ભાયલી ઘનશ્યામ સ્વામી પાસે પહોંચ્યા. ૧૩
૨. શંકર ભગત સાથે બોચાસણ નિર્ગુણ સ્વામી પાસે. ૧૪
૩. નિર્ગુણ સ્વામી સાથે ભાદરણ, વડતાલ, બોરસદ, કાવીઠા નડિયાદ વિચરણ કરી દશમે અમદાવાદ. ૧૪-૧૫
૪. શાસ્ત્રીજી મહારાજના વિરહમાં તાવ. ૧૫
૫. આંબલીવાળી પોળમાં શાસ્ત્રીજી મહારાજને મળ્યા અને પાર્ષદી દીક્ષા. ૧૫-૧૬

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ <u>બે</u> પ્રસંગ વર્ણવી મનન લખો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : ૨ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **ઝેર આપનારને પણ સાચવ્યા (૬૭,૮૭) પ્રસંગ :** ઈ.સ. ૧૯૫૪માં એક દ્વેષમાં બળી રહેલા સંતે સ્વામીશ્રીને ઝેર આપવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એ ઘટના અમલમાં આવે તે પહેલાં જ ફૂટી ગઈ. સ્વામીશ્રીમાં સહેજ પણ ક્રોધનો અંશ હોત તો પોતાની પ્રમુખ તરીકેની સત્તાના આધારે સ્વામીશ્રી એ સંતની હકાલપટ્ટી કરી શકત. કારણ કે આ અપરાધ નાનોસૂનો નહોતો. પરંતુ સ્વામીશ્રીએ એમ ન કર્યું. એ સંતનું વૃદ્ધ ઉંમરે ઈ.સ. ૧૯૮૩માં અવસાન થયું ત્યાં સુધી એમણે એમની દેખભાળ રાખી અને અન્ય સંતો પાસે પણ રખાવી. **મનન :** દ્રોહ કરનારને પણ માત્ર ક્ષમા જ નહીં, ક્ષમાની સાથે પ્રેમ અને સેવા પણ મળ્યાં.

૨. **ધારીમાં દાદર ઉપર બેસી હરિભક્તના પ્રશ્નોનું નિરાકરણ (૬૫) પ્રસંગ :** ધારીમાં સ્વામીશ્રી એક સમયે સ્નાન કરીને બાથરૂમમાંથી બહાર આવ્યા ત્યાં એક હરિભક્ત આવ્યા. એમણે કહ્યું : 'બાપા ! મારે આપની સાથે વાત કરવી છે.' સ્વામીશ્રી ચાલુ સભાએ સ્નાન કરવા આવ્યા હતા અને પછી તરત એમને સભામાં જવું હતું. પણ અત્યારે હરિભક્તની વિનંતીને એમણે નકારી નહીં. એમની લાગણીને માન આપીને એમની વાત સાંભળવા ત્યાં ને ત્યાં જ દાદર ઉપર કાંઈ પણ પાથર્યા વગર બેસી ગયા. સંડાસ નજીકની અંધારી ચાલી, અસ્વચ્છ પગથિયાં અને હવાની હેરફેર વગરના દાદર ઉપર પંદર મિનિટ સુધી હરિભક્ત સાથે બિરાજીને સ્વામીશ્રીએ એમની વાત સાંભળીને એમના પ્રશ્નોનું નિરાકરણ કર્યું. **મનન :** હરિભક્તો જ એમનું સર્વસ્વ છે. પોતાની સગવડ-અગવડ કાંઈપણ તેમણે વિચારી નથી.

૩. **અમદાવાદમાં બાળકના આમંત્રણનો સ્વીકાર (૧૨૬-૧૨૭) પ્રસંગ :** અમદાવાદના વાસણા વિસ્તારમાં સ્વામીશ્રી રીક્ષામાં બેસીને પધરામણીએ જઈ રહ્યા હતા. ત્યારે પાંચ-છ વર્ષના બાળકની નજર એમના પર પડતાં તે ઓળખી ગયો. સ્વામી બાપા ! કહીને રીક્ષા પાછળ દોડવા લાગ્યો. તે જોતાં જ સ્વામીશ્રીએ રીક્ષા ઊભી રખાવીને તેને રીક્ષામાં લીધો. છોકરાએ કહ્યું : 'બાપા, મારે ઘેર ન પધારો ?' ત્યારે સ્વામીએ કહ્યું : 'ચાલ, હમણાં જ જઈએ.' સ્વામીશ્રીએ તેને ઘેર પધરામણી કરી અને બીજે દિવસે તેને મંદિરમાં પ્રસાદ લેવા આવવા માટે સ્વામીશ્રીએ જણાવ્યું. એક હરિભક્તને અનુપને મંદિરે લઈ આવવાનું કામ સોપ્યું. બીજે દિવસે અનુપ મંદિરે આવ્યો. સ્વામીશ્રીએ તેને પ્રેમથી જમાડ્યો. **મનન :** બાળકનું મન સાચવી લેવાની સ્વામીશ્રીની કાળજી અહીં જણાઈ આવે છે.

૪. **રયો ગઢવી ઠેરનો ઠેર (૮૩) પ્રસંગ :** ધર્મધુરા ધારણ કર્યા પછી સ્વામીશ્રી પ્રથમ વાર પરદેશના પ્રવાસે જઈ રહ્યા હતા. પ્લેન નૈરોબી એરપોર્ટ પર ઊતર્યું. પરંતુ એરપોર્ટ મૅનેજર ફરમાન લઈને આવ્યા કે પ્રમુખસ્વામી મહારાજ અને પાર્ટીને પ્લેનમાંથી ન ઊતરવા દેવાનો હુકમ છે. સાંજે સવા ચાર વાગે એ જ પ્લેનમાં સ્વામીશ્રી અને સંતો ભારત આવવા રવાના થયા. હરિભક્તો વિષાદભરી નજરે પ્લેનને પાછું જતું જોઈ રહ્યા. પ્લેનમાં ભક્તિપ્રિય સ્વામીએ અહેવાલની ડાયરી સ્વામીશ્રીને આપી. સ્વામીશ્રીએ લખ્યું ' મહારાજ, બાપાની મરજી હોય તેમ થાય. માટે રાજી રહેવું. તેઓ જેમ રાખે તેમ રહેવું. કોઈ પ્રકારનું દુઃખ માનવું નહીં. અક્ષરરૂપ થઈ મહારાજની ભક્તિ કરવી. એટલે કોઈ દુઃખ થાય નહિ. આ કંઈ નાનુંસરખું અપમાન નહોતું પણ તેની સ્વામીશ્રીના મન ઉપર કશી જ અસર નહોતી. તેમણે તો પાછા ફરતાં પ્લેનમાં ગમ્મતની છોળો ઉછાળી. 'રયા ગઢવી ! ક્યાં જઈ આવ્યા ? તો કહે ઠેરનો ઠેર !' એટલે શું ? તો રયો ગઢવી અનાજ બચાવવા પંદર દિવસ બહારગામ ફરીને ઘેર આવ્યો ત્યારે ઘેર એક સાથે પંદર મહેમાન આવી પડ્યા. ત્યારે કોઈએ પૂછ્યું : 'ક્યાં જઈ આવ્યા ?' તો કહે, 'ઠેરના ઠેર' એના જેવું આપણું થયું.' **મનન :** રયા ગઢવીને દુઃખ થયું પણ સ્વામીશ્રીએ દુઃખના પ્રસંગને પણ હળવાશમાં ફેરવી નાખ્યો.

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ ૧૫)**

**નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવા.**

૧. **સ્વામિનારાયણીય સાધના :** (૧) દરેક મુમુક્ષુ અથવા સાધકે પોતાના કલ્યાણ માટે સાધના આવશ્યક - કલ્યાણ માટે સાધના કરતો મુમુક્ષુ(સાધક) અનેક સાધનોનો આશ્રય લે છે. (૨) સ્વામિનારાયણીય સાધનામાં પણ મુમુક્ષુ દ્વારા ભગવાનના ધામની પ્રાપ્તિ માટે અનેક સાધનો - કળિયુગમાં કીર્તનભક્તિ શ્રેષ્ઠ. ભગવાન સ્વામિનારાયણને પ્રસન્ન કરવા માટે નંદ પંક્તિના સંતો દ્વારા તેમજ અન્ય સંતો દ્વારા ભગવાનનાં લીલાચરિત્રોનાં, મૂર્તિનાં, ઉપદેશનાં, ઉત્સવોના, પ્રાપ્તિના પદોની રચના - ભગવાનના રાજીપા માટે ચિત્રકલા, શિલ્પકલા, સંગીત વગેરેમાં પણ સંતોની પારંગતતા - આ પણ સાધનાની એક વિશેષતા. (૩) આ ઉપરાંત તપ, સેવા, કથા-વાર્તા ભગવાનની નવધા ભક્તિ દ્વારા કલ્યાણના માર્ગે મુમુક્ષુનું લક્ષ્ય કેન્દ્રિત. (પ્રસંગો લખવા) (૪) આ તમામ સાધનોમાં શ્રેષ્ઠ સાધન ભગવાનનો આશરો - શ્રીજીમહારાજ પણ વચનામૃતમાં અનેક સ્થળે બીજા બધાં સાધનોની સામે 'આશરો' એ શ્રેષ્ઠ સાધન બતાવે છે. - ગીતામાં પણ અનન્ય આશરાની વાત શ્રીકૃષ્ણ ભગવાને કરી છે. આવો આશરો કરીને શરણે આવે તે માયાને તરી જાય છે. ભગવાનના ધામને પામે છે. (દૃષ્ટાંતો લખી શકાય) (૫) સ્વામિનારાયણીય સાધનાની વિશેષતા એટલે ઉપાસનાની દૃઢતા - ઉપાસના એટલે અક્ષરરૂપ થઈને બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમનારાયણની ભક્તિ કરવી. તે સિદ્ધાંત મુજબ ભક્તિ કરીને મુમુક્ષુ બ્રહ્મભાવ પામીને આત્યંતિક કલ્યાણને પામે છે. - ઉપાસના એટલે ભગવાનને સર્વોપરી સમજવા. સર્વોપરી, કર્તા, સાકાર અને પ્રગટ આ ચારે મુદ્દા પર કીર્તનો, શ્લોક, સાખી, વચનામૃત, સ્વામીની વાતોનો ઉલ્લેખ કરી શકાય. (૬) ભગવાન સ્વામિનારાયણ આ બ્રહ્માંડમાં ગુણાતીત સંત દ્વારા પ્રગટ રૂપે વિરાજમાન રહે છે. પૃથ્વી પરથી જતા નથી. (વચનામૃતનો ઉલ્લેખ) તેથી જ મુમુક્ષુઓના કલ્યાણનો માર્ગ પણ અવિરત ચાલુ જ - ભગવાનને સર્વ કર્તા સમજવાથી બીજા કોઈ દેવી-દેવતાનો ડર રહેતો નથી. ભગવાનનું સર્વોપરીપણું સમજવાથી આત્યંતિક કલ્યાણની નિશ્ચિતતા રહે છે, પ્રતીતિ આવે છે. (૭) સ્વામિનારાયણીય સાધનામાં મૃત્યુ બાદ મોક્ષ છે તેવું તત્ત્વજ્ઞાન નથી પણ ભગવાન અને સંતની પ્રાપ્તિ થયા પછી ભગવાન અને સંતોનો યોગ થવાથી, અનન્ય આશરો કરવાથી, તેમના આશરે જવાથી છતી દેહે જ કલ્યાણની પ્રતીતિ આવે છે. (૮) આમ, સ્વામિનારાયણીય સાધનાની એ વિશેષતા છે કે સાધક આત્યંતિક મુક્તિ મેળવ્યા બાદ ભગવાનના ધામમાં અવિચળ પદવીને પામે છે. પછી તેને જન્મ-મરણના ચકરાવામાં ફરી આવવાનું રહેતું નથી. પરંતુ તે માટે સાધકે બ્રહ્મરૂપ તો થવું જ પડે છે તો જ વિદેહ મુક્તિને પામે છે. - ઉપસંહાર.

૨. **સંઘે શક્તિ : કલૌ યુગે :** (૧) કળિયુગમાં સંઘશક્તિ શ્રેષ્ઠ - સંઘબળથી, સંઘનિષ્ઠાથી એટલે કે સંપથી ગમે તેવાં કઠિન કાર્યમાં સિદ્ધિ. (૨) સંઘનિષ્ઠા રાખીને, સંપીને કરેલું કોઈપણ કાર્યનું પરિણામ સારું જ આવે. (પ્રસંગો લખવા) (૩) સંઘશક્તિથી ખૂબ જ લાભ - બી.એ.પી.એસ. સંસ્થાએ શતાબ્દિ ઊજવીને વિકાસની હરણફાળ ભરી છે તેનો યશ પણ સંઘશક્તિને જ જાય છે. (પ્રસંગો લખવા) કળિયુગમાં બીજાં સાધનો કરતાં પણ સંઘશક્તિથી વિશેષ લાભ - સંઘનિષ્ઠાના લાભના (પ્રસંગો લખવા) સ્વામીની વાતો - વચનામૃત, શ્લોક, સાખી, કીર્તનો વગેરે લખી શકાય. (૪) સંઘનિષ્ઠા અથવા સંઘશક્તિ કે સંપ ન રાખવાથી તેનાં પરિણામો પણ માઠાં આવ્યાનાં દૃષ્ટાંતો સમાજમાં મોજુદ છે. આ માઠાં પરિણામોની ઊંડી અસર વ્યક્તિથી, કુટુંબથી માંડીને રાષ્ટ્રો કે વિશ્વ પર પડી છે. (દૃષ્ટાંતો લખવા.) (૫) શ્રીજીમહારાજ પણ સંઘશક્તિ પર ખૂબ ભાર મૂકે છે. ગુણાતીત ગુરુથી માંડીને સ્વામીશ્રીએ પણ સંઘશક્તિનો ખૂબ મહિમા ગાયો છે. (પ્રસંગો) ગુરુપરંપરાના ઉપદેશ વચનો લખી શકાય. (દૃષ્ટાંતો, પ્રસંગો લખવા) (૬) કળિયુગમાં બીજી શક્તિ કરતાં જો સંઘશક્તિથી જ સાચો અને સારો લાભ થતો હોય તો શા માટે સંઘશક્તિનો આશરો ન લેવો ? (૭) ઉપસંહાર.

૩ **કૂર્મવૃત્તિ : સ્થિતપ્રજ્ઞનો શણગાર (સ્વામિનારાયણ પ્રકાશ એપ્રિલ-૨૦૧૩, પા.નં. ૪ થી ૭, ૪૯) (૧)** સ્થિતપ્રજ્ઞ એ સંયમનું સ્વરૂપ - ઉચ્છૃંખલ માનસ દ્વારા સંયમનો અસ્વીકાર - ભોગવિલાસમાંથી પાછું ન વળી શકે. આથી જ ભોગ અને સંયમનો રણસંગ્રામ - અંતઃકરણ અને બહાર વિશ્વમાં બંને સ્તરે સતત સંઘર્ષ - શ્રીમદ્ભગવદ્ગીતા આ રણસંગ્રામને - દ્વિધાને ટાળે છે - ઇન્દ્રિયો-અંતઃકરણના સંયમને સૈદ્ધાંતિક રીતે રજૂ કરીને ભોગવાદી વિચારધારાથી સાવચેત કરે છે. (૨) કાચબો જેમ બધી બાજુથી પોતાના અંગોને સંકેલી લે છે, તેમ જ્યારે આ મનુષ્ય ઇન્દ્રિયોના વિષયોમાંથી ઇન્દ્રિયોને સંકેલી લે ત્યારે તેની બુદ્ધિ સ્થિર કહેવાય છે. (ગીતા-૨/૫૮) આ શ્લોકનો મુખ્ય શબ્દ સંહરતે. સંહરણ એટલે સંકેલો. કૂર્મ એટલે કાચબો. જ્યારે કાચબો ધારે ત્યારે પોતાનાં તમામ એટલે કે છયે અંગોને સંકેલતા વાર નથી લાગતી. તેથી જાણે બાહ્ય જગત અને કાચબાની વચ્ચે મજબૂત દિવાલનું

રચાવું - એક સુરક્ષિત જીવનનો લાભ - આ સંહરણ શક્તિ કાચબાની છે તેને કૂર્મવૃત્તિ કહેવાય છે. સ્થિતપ્રજ્ઞો આ કૂર્મવૃત્તિને વરેલા હોય છે. તેઓ કાચબાની જેમ પોતાની ઇન્દ્રિયોને વિષયમાંથી પાછી ખેંચી લે છે. મન ફાવે ત્યારે ભોગવી લેવું તે સામાન્ય પ્રવાહ - તેમાં આખો સંસાર તણાય છે. વાસનાને વશ થઈને વિષય ભોગવી લેવાની વૃત્તિ - જેમ વાસના ભોગવાય તેમ તેની તીવ્રતા પણ વધે. તેથી વિષયના વ્યસની બની જવાની શક્યતા ઘણી - તેથી દુઃખનો અંત જ ન આવે. **(૩)** આ પ્રશ્નનું સમાધાન સંયમ - એટલે ઇન્દ્રિયોનું સંહરણ - વિષયોનો ત્યાગ અથવા કૂર્મવૃત્તિ - કાચબાનો દાખલો આપી ગીતા આપણને સંયમના પાઠ શીખવે છે. રૂપ જોવું તે નેત્ર ઇન્દ્રિયનું કાર્ય છે. રૂપને જોવામાં વારંવાર જોવાઈ જાય છે. આંખની વૃત્તિ તણાય જ છે. ન જોવાનું જોવાઈ જાય. પરિણામે અંજપો - અશાંતિ - યોગીજી મહારાજ દ્વારા સુથારનું દૃષ્ટાંત - દીવમાં ફિરંગીની રૂપાળી પત્ની સામે લાકડું ઘડવાનું કામ કરતાં કરતાં સુથાર જોયા કરતો - વારંવાર જોતો - ફિરંગીએ કહ્યું, મત જો. છતાં જોયું તે ફિરંગીએ ફરસી વડે સુથારની આંખો ખેંચી લીધી - કાયમ માટે અંધાપો - જેવું આંખનું તેવું જ અન્ય ચારે ઇન્દ્રિયોનું કાર્ય. તેથી જ ઉપરોક્ત શ્લોકમાં સર્વશઃ શબ્દથી ઊંડાણ - એકાદ વિષયમાંથી ઇન્દ્રિયને પાછી ખેંચવી એમ નહિ પણ સર્વશઃ અર્થાત્ બધી રીતે બધી બાજુએથી ઇન્દ્રિયોની પાછી વાળવી એમ કહ્યું છે. **(૪)** હે કુન્તીપુત્ર ! મથી નાખવાના સ્વભાવવાળી આ ઇન્દ્રિયો યત્ન કરનાર બુદ્ધિમાન મનુષ્યના મનને પણ પરાણે હરી લે છે. (ગીતા-૨/૬૦) સતત ભોગવિલાસમાં રચ્યા-પચ્યા રહેતા લોકોની વાત અહીં ભગવાન કરતા નથી કારણ કે તેમનાથી તો આ દુનિયા છલકાય છે. પરંતુ વિલાસી જીવનને સદાચારી બનાવવાના પ્રયત્નવાળા પુરુષની વાત - સમજદારીપૂર્વક અને પ્રામાણિક પ્રયત્ન કરનાર વ્યક્તિને પણ ઇન્દ્રિયો પાપ કરાવે છે. ખોટું આચરણ કરાવે છે. આમ ઇન્દ્રિયોનું જોર ખૂબ જણાય છે. હવે જો પ્રામાણિક પ્રયત્ન કરનારને પણ ઇન્દ્રિયો દ્વારા ખેંચાણ થાય તો જેણે આ ભોગવિલાસમાંથી પાછા વાળવાનો વિચાર જ ન કર્યો હોય તેની શું વાત કરવી ? આજના બૌદ્ધિક યુગમાં ભૌતિકવાદીઓ કહે છે કે સંયમ રાખવાથી, વિષયો ભોગવવાની તીવ્રતા વધે છે. તેથી પહેલાં ભોગો ભોગવી લેવા પછી મનને શાંત કરી દેવું પરંતુ આ વાત ભગવદ્‌ગીતા દ્વારા સદંતર ખોટી - આવા શાસ્ત્રને આ વાત સાવ જ અમાન્ય - કારણ કે આ વૈચારિક વિકૃતિ - આવી વિકૃતિઓથી આપણા બુદ્ધિ ખરડાઈ ન જાય તે માટે ભગવદ્‌ગીતા આપણને સજાગ કરે છે. **(૫)** વિષયો જાય પણ રસ તો રહી જાય. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે ઇન્દ્રિયો દ્વારા વિષયોને નહીં ગ્રહણ કરતા મનુષ્યના પણ વિષયો જ નિવૃત્ત થાય છે, પરંતુ તે વિષયો પ્રત્યેનો રસ નિવૃત્ત થતો નથી. એ વિષયરસની નિવૃત્તિ તો જ્યારે પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે નિવૃત્ત થાય છે. (ગીતા-૨/૫૯) અહીં નિરાહાર એટલે કેવળ ભોજન ત્યાગ નહીં પણ બાકીની ચારે ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ - એટલે કે પંચવિષયોનો સ્થૂળ ત્યાગ એટલે નિરાહાર - દેહથી વિષયોનો ત્યાગ થઈ શકે છે પરંતુ તેને ભોગવવાની વાસના તો રહી જ જાય છે. દા.ત. ઉપવાસના દિવસે જ ખાવા-પીવાના વધુ વિચારો આવે છે. આમ વિષયો દૂર જાય છે પણ તેની વાસના મૂકતા જાય છે. પશુ-પક્ષી સર્વે પણ આ રીતની વાસનાથી બંધાયેલા છે. તેથી જ શ્રીજીમહારાજે આને ઢોરલાંઘણ કહી છે. (વચ.ગ.મ. ૮) આમ વિષય વાસનાની દૃષ્ટિએ તો મનુષ્ય અને પશુમાં ફેર નથી. સર્વજં શબ્દનો આ મર્મ છે. **(૬)** વિષયધ્યાનની પ્રણાશકતા : વિષયોનું ચિંતવન કરનાર મનુષ્યને તે વિષયોની આસક્તિ જાગે છે. આસક્તિથી તે વિષયોની કામના જન્મે છે અને તે કામનાને લીધે ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી મૂઢતા જન્મે છે. મૂઢતાથી સ્મૃતિમાં ભ્રમ ઊભો થાય છે. સ્મૃતિમાં ભ્રમ ઊભો થવાથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થતાં તે મનુષ્યનો પ્રણાશ થાય છે કહેતાં અધોગતિને પામે છે. (ગીતા-૨/૬૨-૬૩) વિષયોનું ચિંતવન, આસક્તિ, કામના, ક્રોધ, મોહ, સ્મૃતિનાશ અને બુદ્ધિનાશ એમ અધોગતિના છ પગથિયાં અહીં દર્શાવ્યા છે. પ્રણાશ તેની અંતિમ મંજિલ છે. જીવતા છતાં મૂઆ કરી મૂકનાર દોષોની અહીં ઓળખાણ આપી છે. પ્રશ્ન થાય કે આપણે વિષયને મનમાં જ સંભારીએ છીએ. એમાં ક્યાં વાંધો છે ? પરંતુ આ આપણી ઘાતક માન્યતા છે. તેથી જ ગીતા આપણને અહીં ચેતવે છે. કોઈપણ લૌકિક વિષયના ચિંતવનથી સંગ કહેતાં આસક્તિ, તેમાંથી કામના જાગે, ઇચ્છા જાગે. આ ઇચ્છા પૂરી ન થાય તો ક્રોધ જન્મે. તેથી મૂઢતા આવે, સારા-નરસાનો વિવેક જતો રહે. વાણી-વિવેક જતો રહે. યોગીજી મહારાજ કહેતા કે બે સગાં ભાઈ હોય છતાં જ્યારે ઝઘડો થાય અને ગુસ્સામાં આવે તો એકાદ ભાઈ બોલે મને ઓળખે છે ? તો શું નહિ ઓળખતા હોય ? પણ ક્રોધથી આવી દુર્દશા. ક્રોધથી સ્મૃતિશક્તિ પર વિપરીત અસર - યાદદાસ્તનો નાશ - કંઈ યાદ જ ન આવે અને સ્મૃતિનાશથી મનુષ્યની બુદ્ધિનો નાશ - બુદ્ધિ ઠપ થઈ જાય. બુદ્ધિ જેની ગઈ તેનું બધું ગયું

એટલે જીવતા મૂઆ જેવું. તેથી જ શ્રીકૃષ્ણ ભગવાન બાહ્ય ત્યાગ અને આંતરિક ત્યાગ બંનેને જીવનમાં ઘૂંટવાનો સિદ્ધાંત સમજાવે છે. આ સિદ્ધાંતને આત્મસાત્ કરવાનો ઉપાય બતાવે છે. (૭) શ્રેષ્ઠ વસ્તુ મળે એટલે કનિષ્ઠમાંથી રસ રહેજે ટળી જાય. ગીતા કહે છે શ્રેષ્ઠના જ્ઞાનથી વિષયવાસનાની નિવૃત્તિ - સૌથી શ્રેષ્ઠ પરમાત્મા - જેને પરમાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થાય તેને બીજી કોઈ ઇચ્છા રહેતી નથી. પંચ વિષયોમાંથી એક પણ વિષય સારો હોય તો પણ તેને આકર્ષી શકતો નથી. જેને પ્રભુ મળે તેના સઘળા રસ ટળે. (૮) परं दृष्ट्वाનો પ્રત્યક્ષ દાખલો - સત્પુરુષનું જીવન : સ્થિતપ્રજ્ઞ પુરુષોની સદાય આવી परं दृष्ट्वाની સ્થિતિ - સમગ્ર જીવન પરમાત્માના સાક્ષાત્કારની ભૂમિકા પર સ્થિર - પ્રભુ મળ્યાનો પરિતોષ - તેથી વિષયો વિચલિત ન કરી શકે. - તેઓની પ્રજ્ઞા પરમાત્મ રસમાં તરબોળ - તેથી દુન્યવી કોઈપણ પદાર્થમાં રસ કે વાસના ઊપજતાં જ નથી. સ્વામીશ્રીના જીવનમાં આ વસ્તુ સારધાર જોવા મળે છે. પ્રસંગો : **૧.** સને ૧૯૮૮માં રોનાલ્ડ પટેલ દ્વારા સ્વામીશ્રીનો ઇન્ટરવ્યુ - બાયપાસ સર્જરી પછી ભાન આવ્યા પછી સૌથી પહેલો વિચાર કયો સ્ફૂર્યો ? સ્વામીશ્રી કહે, 'ભગવાનનો'. **૨.** બાયપાસની સર્જરી બાદ ભાનમાં આવ્યા પછી ભગવાન પાસે ન પહોંચ્યાનો ખેદ ન થયો ? ભગવાન અખંડ સાથે જ છે. - સ્વામીશ્રીના પ્રત્યુત્તરમાં રોનાલ્ડને સ્વામીશ્રીના પરમાત્મસાક્ષાત્કારની અનુભૂતિ. **૩.** જન્મભૂમિ પ્રવાસીના પ્રતિનિધિ શ્રી સોમપુરાનો સ્વામીશ્રીને પ્રશ્ન : આપને ભગવાનનો સર્વપ્રથમ અનુભવ ક્યારે થયો હતો ? સ્વામીશ્રી પહેલેથી જ એ અનુભૂતિ છે. **૪.** ૨-૧૧-૧૯૯૧ રાજકોટમાં એક યુવકે પૂછ્યું 'આપે ભગવાનનાં દર્શન કર્યાં છે ?' સ્વામીશ્રીનો સાહજિક ઉત્તર : 'કર્યા છે ત્યારે તો આનંદ છે. જોયા છે એટલે તો વાત કરીએ છીએ.' 'તો આપને ભગવાન તાદ્દશ જ છે ?' 'હા, તાદ્દશ જ છે.' આમ આવા સ્થિતપ્રજ્ઞ સત્પુરુષને અનાસક્તિનું વરદાન સહજ વરેલું હોય છે. **૫.** જામનગરમાં સાધુ ભગવતચરણદાસ સ્વામીશ્રીને કહે, મેં આ આખું મકાન જોઈ કાઢ્યું. બધું જ વ્યવસ્થિત, સરસ છે. આપને કેવું લાગ્યું ? સ્વામીશ્રીનો સ્થિતપ્રજ્ઞતા ભર્યો પ્રત્યુત્તર. 'અમારે તો બધું સરખું છે. બંગલા શું ને બંગલી શું ? ભગવાનની ઇચ્છાથી જે મળે તે સારું જ છે. **૬.** સ્વામીશ્રી એટલાન્ટામાં - રસોડા વિભાગના સ્વયંસેવકો વાનગીનો થાળ ભરીને આવ્યા. એક સ્વયંસેવકે પૂછયું 'બાપા, આમાંથી આપને શું ભાવે ? રામરસ ચાખીને સંપૂર્ણ સંતૃપ્ત થયેલ સ્વામીશ્રીનો પ્રત્યુત્તર, 'ભગવાન જે જમે તે બધું ભાવે. ભગવાનના થાળમાં જે આવે તે જમી લેવું.' **૭.** લંડનમાં એક વખત એક દુકાનમાં સ્વામીશ્રીની પધરામણી - દુકાનના માલિક દ્વારા પ્રશ્ન, 'બાપા, આપને દુકાન ગમી?' સ્વામીશ્રીનો પ્રત્યુત્તર, 'એમાં ગમવાનું શું ? બધું જ ધૂળનું છે. ભગવાન ભજાય એટલું સાચું.' **૮.** બોચાસણના રોકાણનો સ્વામીશ્રીનો છેલ્લો દિવસ - હળવી વાતો થતાં જનમંગલદાસ સ્વામી દ્વારા પ્રશ્ન : 'આપ અહીં આટલું રહ્યા એટલે અહીં સેટ થઈ ગયું હોય પછી બીજે જવાનું મન થાય ?' પરમાત્મ સાક્ષાત્કારની બુલંદીના પડઘા રૂપ સ્વામીશ્રીનો ઉત્તર. કેમ ના થાય ? બધે સેટ થયેલા જ છીએ ને ? થવાનું ક્યાં રહ્યું. બધે ભગવાનની કથા-વાર્તા ભજન કરવાનાં છે. એમાં સેટ થયા એટલે સેટ. બાકી રહેવા-કરવામાં શું સેટ થવાનું છે ? અમુક જ સ્થાનમાં ફાવે એવી વાત જ નહીં. ભગવાનની કથા-વાર્તા, સેવા થાય એટલું જ સુખ, એ જ સેટ થયા સમજ્યા ? (૯) ઉપસંહાર : આમ, ભગવદ્‌ગીતાના શબ્દો આપણને ત્યાગ અને વૈરાગ્ય બંનેને જીવનમાં ઘૂંટવાનો આદેશ - આપણને પંચવિષયો કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો તથા અંતઃકરણના સ્વરૂપોની પ્રબળતા દર્શાવીને ચેતવણી આપે છે - સંયમની અનિવાર્યતા સમજાવે છે. સાથે સાથે તેને વશ કરવાની તરકીબ પણ સમજાવે છે. આવા સ્થિતપ્રજ્ઞ, परं दृष्ट्वा સંત પણ આપણને મળ્યા, ઓળખાયા તે આપણું પરમ ભાગ્ય છે.

❑ ❑ ❑